RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 257* Date: 14.07.2020 * Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### સુપ્રિમ કોર્ટે કેરળ હાઈકોર્ટના ૩૧ જાન્યુ. ૨૦૧૧ના આદેશને રદ કર્યો

# કેરળના પદ્મનાભસ્વામી મંદિર પર ત્રાવણકોર શાહી પરિવારનો અધિકાર

**પદ્મનાભસ્વામી મંદિરના બાબતોના મેનેજમેન્ટવાળી પ્રશાસનિક સમિતિની અધ્યક્ષતા તિરૂવનંતપુરમના જિલ્લા ન્યાયાધીશ કરશે, કેરળનું આ પ્રસિદ્ધ મંદિર ભારતના ધનિક મદિરો પૈકી એક**

*ન્યુ દિલ્હી,તા.૧૩*

કેરળના શ્રી પદ્મનાભસ્વામી મંદિરના પ્રશાસન અને તેની સંપત્તિના અધિકારને લઈ આજે સુપ્રીમ કોર્ટ ચુકાદો સંભળાવી દીધો છે. સુપ્રીમ કોર્ટે કેરળ હાઈકોર્ટના ચુકાદાને પલટતાં દેશના સૌથી વધુ સંપત્તિવાળા મંદિરો પૈકીના એક શ્રી પદ્મનાભસ્વામી મંદિરના મેનેજમેન્ટનો અધિકાર ત્રાવણકોરના પૂર્વ શાહી પરિવારને આપ્યો છે. મળતી માહિતી મુજબ, મંદિરની પાસે લગભગ બે લાખ કરોડ રૂપિયાની સંપત્તિ છે. કેરળ હાઈકોર્ટના ચુકાદાને શાહી પરિવારે સુપ્રીમમાં પડકાર્યો હતો.

શ્રી પદ્મનાભસ્વામી મંદિરને લઈ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન એ વાતનો ચુકાદો આપવામાં આવ્યો છે કે પદ્મનાભસ્વામી મંદિરના મેનેજમેન્ટની જવાબદારી ત્રાવણકોરના પૂર્વ શાહી પરિવારને આપવામાં આવશે. તેની સાથે જ સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે તિરુવનંતપુરમના જિલ્લા જજની અધ્યક્ષતાવાળી કમિટી હલા મંદિરની વ્યવસ્થા જોશે.

નોંધનીય છે કે, કેરળ હાઈકોર્ટે વર્ષ ૨૦૧૧માં પદ્મનાભસ્વામી મંદિરના અધિકાર અને સંપત્તિને લઈ મોટો ચુકાદો આપતા તેની પર રાજ્ય સરકારનો અધિકાર ગણાવ્યો હતો. કેરળ હાઈકોર્ટના ચુકાદાને પૂર્વ ત્રાવણકોરર શાહી પરિવારે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. આ મામલામાં સુપ્રીમ કોર્ટમાં ૮ વર્ષથી વધુ સમય સુધી સુનાવણી થઈ. આ મામલામાં એપ્રિલમાં સુનાવણી બાદ જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રાની બેન્ચે ચુકાદો સુરક્ષિત રાખી લીધો હતો.



મંદિરનું નિર્માણ ક્યારે થયું, તે અંગે કોઈ મજબૂત પ્રમાણ મળતું નથી. ઈતિહાસકાર ડૉ. એલ. કે. રવિ વર્મા અનુસાર મંદિર લગભગ ૫૦૦૦ વર્ષ જૂનું છે. જ્યારે માનવ સભ્યત કળયુગમાં પહોંચી હતી.

આમ તો મંદિરના સ્ટ્રક્ચરના હિસાબથી જોઈએ તો માનવામાં આવે છે કે કેરળના તિરુઅનંતપુરમાં આવેલા પદ્મનાભસ્વામી મંદિરની સ્થાપના સોળમી સદીમાં ત્રાવણકોરના રાજાઓએ કરી હતી. ત્યારબાદથી જ અહીંના રાજા આ મંદિરને માનતા રહ્યા. વર્ષ ૧૭૫૦માં મહારાજ માર્તંડ વર્માએ પોતાને પદ્મનાભ દાસ જાહેર કરી દીધા. તેની સાથે સમગ્ર રાજ ઘરાના મંદિરની સેવામાં લાગી ગયો. હજુ પણ શાહી ઘરાનાને આધીન એક પ્રાઈવેટ ટ્રસ્ટ મંદિરની દેખરેખ રાખે છે.

કેરળનુ આ પ્રસિદ્ધ મંદિર ભારતના ધનિક મંદિરો પૈકી એક માનવામાં આવે છે, આ સિવાય આ મંદિરની ચારે બાજુ અનેક રહસ્યો છુપાયેલા હોવાનું પણ માનવામાં આવે છે. આ મંદિરનો સાતમો દરવાજો દરેક માટે એક કોયડા સમાન છે, કારણ કે આ દરવાજો આજ દિન સુધી ખોલી શકાયો નથી. સૌથી હેરાન કરનાર વાત એ છે કે આ સાતમો દરવાજો લાકડાનો બનેલો છે અને તેને ખોલવા કે બંધ કરવા માચે કોઇ પ્રકારની સાંકળ, નટબોલ્ટ, તાળુ લગાવવામાં આવ્યુ નથી. આ દરવાજો કેવી રીતે બંધ છે એ આજે પણ અકબંધ રહસ્ય છે.

### કુલ કોરોનાના કેસ ૮.૮૭ લાખને પાર, મૃત્યુઆંક ૨૩,૧૭૪એ પહોંચ્યો

# દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના રેકોર્ડબ્રેક ૨૯ હજાર કેસ,૫૦૦ના મોત

**અત્યાર સુધી ૫.૫ લાખથી વધુ દર્દીઓ સ્વસ્થ થયા, રિકવરી રેટ ૬૩.૦૧ ટકા સુધી પહોંચ્યો,મહારાષ્ટ્રમાંસૌથી વધુ ૭૮૧૭ કેસ ૨૪ કલાકમાં આવ્યા**

ન્યુ દિલ્હી,તા.૧૩

સમગ્ર દેશમાં કોરોના વાઈરસે માઝા મૂકી હોય તેમ દિવસેને દિવસે તેમાં વધારો થઈ રહ્યો હોય તેમ અનલોક-રના૧૨મા દિવસે ગઈકાલે રવિવારે સૌથી વધુ ૨૯ હજાર કરતાં વધુ કેસો નોંધાયા હતા. તેની સાથે કુલ આંકડો ૮.૭૮ લાખ પર પહોંચી ગયો છે અને ગણતરીના કલાકોમાં આ આંકડો ૯ લાખ પર પહોંચી શકે તેમ છે. આજે સોમવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના આંકડા વેબસાઈટ જાહેર કરાયા મુજબ ૨૯,૧૦૫ કેસો નવા નોંધાયા હતા અને આ જ ગાળામાં વધુ ૫૦૦ લોકોના મોત થયા હતા. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૭૮૨૭ નવા કેસ બહાર આવ્યાં હતા અને મોતની સંખ્યા ૧૭૩ થઈ છે. કેસો વધતાં કેટલાક રાજ્યોમાં સંક્રમણને રોકવા આંશિક લોકડાઉન લાદવાની ફરજ પડી છે. જ્યારે મહારાષ્ટ્ર વિધાનસભાના ૧૮ કર્મચારીઓ પોઝિટિવ મળ્યા છે. આ સાથે જ ભારત દુનિયાભરમાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં રશિયાને પાછળ છોડીને ત્રીજા ક્રમાંક પર પહોંચી ગયો છે.

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૨૯ હજાર ૧૦૫ કોરોના પોઝિટિવ કેસ મળ્યા છે. તો ૧૮ હજાર ૧૩૯ દર્દીઓ સાજા થયા છે. ૨૪ કલાકમાં ૫૦૦ સંક્રમિતોના મોત થયા છે. રવિવારે સૌથી વધુ ૭૮૨૭ પોઝિટિવ કેસ મહારાષ્ટ્રમાં વધ્યા હતા. ૪૨૪૪ કેસની સાથે બીજા નંબર પર તમિલનાડુ છે. જ્યાં સૌથી વધુ ૩૬૧૭ દર્દી સાજા પણ થયા છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૭૮૨૭ નવા કેસ પ્રકાશમાં આવ્યા છે અને મોતની સંખ્યા ૧૭૩ થઈ છે.

દેશમાં અનલોક-૨માં અપાયેલી વધારે છૂટછાટના પગલે કોરોનાવાઈરસનું સંક્રમણ દાવાનળની જેમ ઝડપથી વધી રહ્યું છે. કુલ કેસોની સંખ્યા ૮ લાખ ૭૮ હજાર થઈ ગઈ છે. આજે તે ૯ લાખને પાર જાય તેવી શકયતા છે. જો કે, ૫.૫ લાખથી વધુ દર્દીઓ અત્યારસુધીમાં સાજા પણ થઈ ચૂક્યા છે. ૩ લાખ ૧ હજારથી વધુ લોકોની હોસ્પિટલ, હોમ આઈસોલેશન કે કોવિડ કેર સેન્ટરમાં સારવાર ચાલી રહી છે.

ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૬૩.૦૧ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૮૮૫૦ લોકો સ્વસ્થ્ય થયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૫,૫૩૪૭૧ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા વધારે છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૫૦૦ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૨૩૧૭૪ સુધી પહોંચી ગઈ છે

મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૨૫૪૪૨૭ કેસ નોંધાયા છે જ્યારે ૧૦૨૮૯ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૧૩૮૪૭૦ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૧૯૬૬ લોકોના મોત થયા છે. ત્યારબાદ દિલ્હીમાં ૧૧૨૪૯૪ કેસ નોંધાયા છે જ્યારે ૩૩૭૧ લોકોએ જીવ ગુમાવ્યા છે

મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૭૮૨૭ નવા કેસ પ્રકાશમાં આવ્યા છે અને મોતની સંખ્યા ૧૭૩ થઈ છે. મુંબઈમાં કોરોનાના ૧૨૬૩ કેસ પ્રકાશમાં આવ્યા છે, ૧૪૪૧ સાજા થયા છે અને ૪૪ના મોત થયા છે. અહીં વિધાનસભાના ૧૮ કર્મચારીઓ પોઝિટિવ મળ્યા છે. બીજી તરફ રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારી પોતે આઈસોલેટ થયા છે. જ્યારે, .સૌથી મોટા રાજ્ય ઉતરપ્રદેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૮૮ નવા દર્દીઓ મળ્યા છે. શનિવારે રાજ્યમાં નવા ૧૪૦૩ દર્દીઓ મળ્યા હતા. આ મહિનામાં માત્ર ૧૨ દિવસમાં જ ૧૩૧૭૨ નવા દર્દીઓ મળ્યા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૩૩૩૪ સંક્રમિત મળ્યા છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર બ્રાઝિલ ત્રીજા સ્થાન પર ભારત અને ચોથા સ્થાન પર રશિયા છે.

### જયપુરમાં ગેહલોતે મિડિયા સમક્ષ ધારાસભ્યોની પરેડ કરાવી

# પાયલટનું અસંતોષરૂપી વિમાન "ક્રેશ" થતાં ગેહલોત સરકારના માથેથી સંકટ ટળ્યું..!!

*જયપુર,તા.૧૩*

રાજસ્થાનમાં ચાલી રહેલા રાજકીય સંગ્રામમાં મુખ્યમંત્રી અશોક ગેહલોતની સરકાર બચતી દેખાય રહી છે. મુખ્યમંત્રી અશોક ગેહલોતે સરકાર અને પક્ષથી નારાજ યુવા નેતા અને નાયબ મુખ્યમંત્રી સચિન પાયલટ દ્વારા સરકારને ઉથલાવવાના પ્રયાસો નિષ્ફળ બનાવ્યાં છે અને પક્ષના નેતા પ્રિંયકા ગાંધીએ દરમ્યાનગીરીને સમગ્ર મામલો હાથ લઈને પાયલટની નારાજગી દૂર કરવાના પ્રયાસો હાથ ધરતાં સવારે પક્ષના કાર્યાલયમાંથી દૂર કરાયેલા પાયલટના ફોટા બેનરો ફરી લાગી ગયા હતા. ગેહલોતે બોલાવેલી ધારાસભ્યોની બેઠકમાં ૧૦૦ કરતાં વધારે ધારાસભ્યો હાજર રહ્યાં હતા અને મુખ્યમંત્રીએ આ ધારાસભ્યોની મિડિયા સમક્ષ પરેડ કરાવીને એક રીતે શક્તિપ્રદર્શન યોજીને પાયલટને તેમણે જીતની નિશાની વી ફોર વિકટરી દર્શાવીને જવાબ આપ્યો હતો. સચિનનો દાવો હતો કે તેમની પાસે ૩૦ કરતાં વધારે ધારાસભ્યો છે, એ દાવો ખોટો સાબિત થઈ રહ્યો છે. અને હવે જ્યારે તેઓ પક્ષમાં અને પ્રજામાં ઉઘાડા પડી ગયા છે અને મધ્યપ્રદેશમાં જેમ કોંગ્રેસના યુવા નેતા જ્યોતિરાદિત્ય સિંધિયાએ પોતાના જ પક્ષની કમલનાથની સરકાર ઉથલાવી તેમ તેઓ પણ રાજસ્થાનમાં પોતાના જ પક્ષની સરકાર ઉથલાવવા માંગે છે એ ખુલ્લુ પડી ગયું હતું. જો કે તેઓ પક્ષમાં જ રહે અને તેમની નારાજગી દૂર કરીને મંત્રીમંડળમાં તેમના ટેકેદારોને વધુ સ્થાન આપવાના પ્રયાસો થઈ સકે તેમ છે. એક રીતે જોતાં રાજસ્થાનમાં મધ્યપ્રદેશવાળી થતાં થતાં રહી ગઈ છે. અને હાલમાં ગેહલોત પોતાની સરકાર બચાવવામાં સફળ થયા છે. જો કે પાયલટ માની જાય છે કે શું કરે છે, તેના ઉપર પણ પક્ષની નજર રહેશે એમ રાજકિય સૂત્રોએ જણાવ્યું હતું.

આ દરમિયાન, સચિન પાયલોટ સાથે વાટાઘાટની ફોર્મ્યૂલા નક્કી કરવામાં આવી હોવાના અહેવાલ પણ પ્રાપ્ત થયાં છે. ત્યારે હવે પક્ષના પીઢ નેતા રાજીવ સાતવ કેન્દ્રીય નેતૃત્વ વતી જયપુર પહોંચશે અને સચિન પાયલોટ સાથે આ મુદ્દે ચર્ચા કરશે.

જો સૂત્રોનું માનીએ તો સચિન પાયલોટ તેમના ચાર ધારાસભ્યોને મંત્રી બનાવવાની માંગ કરી રહ્યા છે. આ સાથે જ, સચિન પાયલોટને ફાઈનાન્સ અને ગૃહ મંત્રાલય આપવામાં આવે અને પ્રદેશ પ્રમુખનું પદ પણ તેમની સાથે રહેવું જોઈએ તેવી માગ કરી રહ્યા હોવાનું પણ જાણવા મળ્યું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે પ્રિયંકા ગાંધી ખુદ આ મામલે સક્રિય છે અને અશોક ગેહલોટ-સચિન પાયલોટ સાથે વાત કરી રહી છે. જેથી મામલો ઉકેલી શકાય.

કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા દ્વારા સચિન પાયલટને મનાવવાનો આખરી પ્રયાસ કરવા માટે આવ્યોછે. સચિન પાયલટના બેઠકમાં ભાગ લેવા આવવા અને મતભેદોનું સમાધાન કરવા સમજાવવામાં આવ્યા હતા. જોકે, સચિન પાયલોટ ટસના મસ ન થયા અને જવાબ આપ્યો કે તેઓ જયપુર નહિ આવે. ત્યારે હવે સચિન પાયલોટને મનાવવા માટે કોંગ્રેસ હાઈકમાન્ડ મેદાને પડ્યું છે.

### આજે કંપનીની એજીએમ મળશે, મોટી જાહેરાતની સંભાવના

# રિલાયન્સે ઈતિહાસ રચ્યો, ૧૨ લાખ કરોડની માર્કેટ કેપ પાર કરનારી દેશની પહેલી કંપની

મુંબઈ,તા.૧૩

મુકેશ અંબાણીની નેતૃત્વવાળી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝએ એક નવો ઈતિહાસ રચી દીધો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૧૨ લાખ કરોડ રૂપિયા માર્કેટ કેપ પાર કરનારી દેશની પહેલી કંપની બની ગઈ છે. સોમવારે બીએસઈ પર આરઆઈએલનો શૅર ૩.૨૧ ટકાના ઉછાળાની સાથે ૧૯૩૮.૮૦ રૂપિયા પ્રતિ શૅરના ભાવ પર પહોંચી ગયો. આરઆઈએલના શૅરમાં તેજીથી કંપનીનો માર્કેટ કેપ ૧૨ લાખ કરોડ રૂપિયાને પાર થઈ ગયો. આરઆઈએલ ૧૨ લાખ કરોડ રૂપિયા માર્કેટ કેપ ટચ કરનારી ભારતની પહેલી કંપની છે. એક મહિનાથી પણ ઓછા સમયમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના માર્કેટ કેપમાં ૧ લાખ કરોડ રૂપિયાથી વધુનો વધારો થયો છે. આરઆઈએલની વાર્ષિક સાધારણ સભા ૧૫ જુલાઈના રોજ મળનારી છે અને આ મિટિંગમાં કંપની કોઈ મોટી જાહેરાત કરે તેવી સંભાવના છે.

આરઆઈએલએ પોતાના ટેલિકોમ આર્મ જિયો પ્લેટફોર્મ્સ માટે વધુ એક મોટી ડીલ કરી છે. વાયરલેસ ટેક્નોલોજીસ સેક્ટરની દિગ્ગજ કંપની ક્વાલકૉમ ઈનકોર્પોરેટેડની ઈન્વેસ્ટમેન્ટ કંપની ક્વાલકૉમ વેન્ચર્સે જિયોમાં ૭૩૦ કરોડ રૂપિયાના રોકાણ કરવાની જાહેરાત કરી છે. આ ડીલના બદલે ક્વાલકૉમ વેન્ચર્સને જિયોમાં ૦.૧૫ ટકા હિસ્સેદારી મળશે.આ ડીલ માટે જિયોની ઈક્વિટી વેલ્યૂ ૪.૯૧ લાખ કરોડ રૂપિયા જ્યારે એન્ટરપ્રાઈઝિસ વેલ્યૂ ૫.૧૬ લાખ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. ૧૨ સપ્તાહની અંદર જિયો પ્લેટફોર્મ્સમાં આ તેરમું રોકાણ છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૯૦૨**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૪૨૮૦૮**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૦**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૬૦૮**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૯૮૦૬**

# ભારત અમેરિકા પાસેથી સેના માટે માનવરહિત હવાઈ વાહન રેવન ખરીદશે

ન્યુ દિલ્હી,તા.૧૩

કોઈ પણ વિકટ સંજોગોમાં હુમલા માટે સંપૂર્ણપણે સજ્જ રહી શકાય તે માટે ભારતીય સેના પોતાની સૈન્ય ક્ષમતા વધારવા પ્રયત્ન કરી રહી છે. તાજેતરનો ચીન સાથેનો સરહદ વિવાદ હોય કે પછી પાકિસ્તાન સાથેનો તણાવ, આ બધાના કારણે સેના પોતાને સુદઢ બનાવવાના કામે લાગેલી છે. સેના અમેરિકા પાસેથી હાથ વડે લોન્ચ કરી શકાય અને દૂરથી જ નિયંત્રિત કરી શકાય તેવા માનવરહિત હવાઈ વાહન 'રેવન' ખરીદશે.

તે સિવાય અત્યાધુનિક ઈઝરાયલી સ્પાઈક ફાયરફલાઈ 'લોયટરિંગ' અને ૪૦ કિમીથી વધારે સીમા સાથે લાંબી દૂરીની ચોક્કસ હુમલો કરી શકે તેવી મિસાઈલ પણ સેનામાં સામેલ કરવામાં આવશે. એક તરફ સેના ભૂમિદળને મજબૂત કરવામાં લાગી છે તો વાયુસેના પણ આ મહીને પેરિસથી આવનારા પાંચ રાફેલ મલ્ટી-રોલ ફાઈટર જેટ મેળવશે. તે પૈકીના ચારનો ઉપયોગ ફ્રાંસમાં પ્રશિક્ષણ દરમિયાન કરવામાં આવશે. બીજી બાજુ ભારતીય નૌસેના આ વર્ષના અંત સુધીમાં પોતાની બીજી બેલાસ્ટિક મિસાઈલ-ફાયરિંગ પરમાણુ સબમરીન, આઈએનએસ અરિઘાટને કમિશન કરવા તૈયાર છે. સાઉથ બ્લોકમાં આ ઘટના સાથે સંકળાયેલા લોકોએ જણાવ્યું કે, સેના ૨૦૦ આરક્યુ-૧૧ યુએવી હાંસલ કરવા માટે તૈયાર છે જે ૫૦૦ ફૂટની ઉંચાઈએ ૧૦ કિમી સુધી ઉડી શકે છે અને ૯૫ કિમી પ્રતિ કલાકની ગતિ પકડી શકે છે. ચીન સાથેના સરહદ વિવાદને ધ્યાનમાં રાખીને ભારતીય સેનાએ ઈઝરાયલ પાસેથી સ્પાઈક માર્ક ૩ એન્ટી ટેક્ન ગાઈડેડ મિસાઈલ ખરીદી છે અને હવે સ્પાઈક ફાયરફલાઈ 'લોયટરિંગ' ખરીદવાની તૈયારી ચાલે છે. આ હથિયાર એક કિમીની સરહદમાં સંતાયેલા દુશ્મન સૈનિકો પર હુમલો કરી શકે છે. આધુનિક ફાયરફલાઈ હથિયારોમાં લક્ષ્ય ઓળખવાની જ નહીં, લક્ષ્ય સીમાથી આગળ વધી ગયું હોય તો તેને પાછું બોલાવવાની ક્ષમતા પણ છે. ભારતીય વાયુ સેના અને ભારતીય સેના લદ્દાખમાં ભારતીય પોશ્ચરમાં સૌથી આગળ ઉભી છે.

## તંત્રી સ્થાનેથી...

# વિસ્તારવાદી કે વિકાસ કોને કહેવાય.....?

કોરોનાવાયરસ વિશ્વભરના દેશોને ભયાનક નુકસાન દરેક ક્ષેત્રોમાં કર્યુ છે તેમાં પણ માનવ નુકશાન બેહદ થયું છે. કોરોના ગ્રસ્ત લોકોની સંખ્યા ૧ કરોડ ૩૫ લાખની પાર કરવા થરફ આગળ વધતી જઈ રહી છે, અને મૃત્યુઆંક ૫,૭૫ હજારને આંબવા તરફ જઈ રહ્યો છે. વિશ્વભરમાં કોરોના કેસો અને મૃતાકમાં અમેરિકા સૌથી આગળ છે. તો ભારત ત્રીજા ક્રમે પહોંચી ગયું છે. ભારતમાં ૮,૭૯,૪૮૭ કેસ નોધાયા છે અને મૃતાક ૨૩૦૦૦ થી આગળ વધી રહ્યો છે. વિશ્વમાં અનેક દેશોએ પોતપોતાના અર્થતંત્રને વધુ નુકસાન થતું રોકવા દરેક ક્ષેત્રના નાના- મોટા ઉદ્યોગો, માર્કેટો, કામ- ધંધા માટે છૂટછાટ આપી દીધી છે. તાજેતરમાં વિશ્વના કેટલાક દેશોમા કોરાનાએ જેટ ગતિ પકડતા કોરોના સાકળ તોડવા માટે લોક ડાઉન કરવા તરફ નાછૂટકે આગળ વધ્યા છે. આ બધી બાબતો વચ્ચે ભારતમાં કોરોના મારક દવા બે બાયોલોજી કંપનીએ કોરોના મારક દવા શોધી કાઢી હોવાનો દાવો કર્યો છે જેનું આખરી ટેસ્ટિંગ ચાલી રહ્યુ છે ત્યારે રશિયાએ કોરોના મારક દવા શોધી કાઢવામાં સફળતા મળી હોવાનો દાવો કરવા સાથે થાડા જ સમયમાં માર્કેટમાં મૂકવામાં આવશે તેવી જાહેરાત થતાં લોકોમાં આનંદ ફરી વળ્યો છે. હાલમા ગુજરાતમાં અમદાવાદ કોરોના કેસોમાં પ્રથમ ક્રમે હતું અને અત્યારની સ્થિતિએ સુરત પ્રથમ ક્રમે પહોંચી જતા ગુજરાતમાં તંત્રને દોડતું કરી દીધું છે. સરકારે સુરતથી અમદાવાદ તરફ જતી એસટી બસો પર પાબંધી ફરમાવી દીધી છે, તો મહેસાણામાં કોરોના કેસોની સંખ્યા વધતી જઈ રહી છે..... ત્યારે મહેસાણા- ઉત્તર ગુજરાત જતી બસો માટે અમદાવાદ શહેરમાં પ્રવેશ બંધી ફરમાવી દીધી છે. પરિણામે આમ પ્રજામાં વધુ ડર ફરી વળ્યો છે. આવી હાલત માટે સરકાર કરતા વધુ જવાબદાર અડીયલ-અસમજદાર લોકો છે તેમ કહીયે તો ખોટું નથી.... કે જેઓ કોરોના ફેલાવો અટકાવવાના નિયમોનું પાલન નથી કરતા....મોઢા પર માસ્ક ન બાંધવું, ડિસ્ટન્સ ન જાળવવું, ચા-પાનની દુકાનો કે ગલ્લાઓ,નાસ્તાના સ્થળો ઉપર ટોળામાં ખુલ્લામાં મસાલા ચાવવા અને પિચકારી મારવી,ખાવું પીવુ અને ચર્ચાઓ કરવી, એ જ હાલત શાકમાર્કેટોમાં છે ત્યારે લોકોએ હવે ડિસ્ટન્સ જાળવવાનુ,માસ્ક પહેરવાનું,હાથ ધોવાનુ ફરજીયાત પાલન કરવું જરૂરી છે... નહીં તો.... પોતેજ પોતાના પરિવારજનો કે પછી મિત્રોને કોરોનાની ચપેટમા હોમી દઈ શકે તેવી શકચતા વધી જશે......!

રાજકીય ક્ષેત્રો નેતાઓને કોરોના નો ડર લાગતો જ નથી જે બાબત ચૂંટણીઓ આવતા લોકોને જોવા-જાણવા મળ્યું.... મિટિંગોના દોર શરૂ થઈ ગયા છે, તો આંતરિક પ્રચાર કરવાનું પણ શરૂ થઈ ગયું છે અને તે પણ નાના-મોટા ટોળાંઓમા... નેતાઓ કે નેતાઓના સંતાનો કે પછી નેતાઓના જન્મદિવસની ઉજવણી શરૂ થઈ ગઈ છે.જેમા કોરોના સામેની લડતના સરકારે જાહેર કરેલા પ્રજા હિતના નિયમોના નદીયાં ઉડે છે. જેમા મોટાભાગના ભાજપાના નેતાઓ છે...! જેની નોંધ પ્રજાએ લીધી છે. ત્યારે આપણા વડાપ્રધાન મોદીજીએ ચીનનું નામ લીધા સિવાય તાજેતરમાં પોતાના સંબોધનમાં ચીમકી આપી હતી કે હવે વિસ્તારવાદનો નહીં વિકાસનો સમય છે. તો બીજી તરફ ભાજપા વિસ્તારવાદનો સામ,દામ,દંડ,ભેદથી આગળ વધી રહ્યો છે....!

મધ્યપ્રદેશમા કોંગ્રેસ સરકારને પાડી દઈને ભાજપાની સરકાર બનાવી દીધી. ગુજરાતમાં રાજયસભાની ચૂંટણી દરમિયાન કોંગ્રેસના પાંચ ધારાસભ્યોનાં રાજીનામાં અપાવી દીધા અને ભાજપમાં પ્રવેશ આપવા સાથે પેટા ચૂંટણીના ઉમેદવાર પણ બનાવી દીધા છે. જો કે પ્રજા ઉમેદવારને પસંદ કરશે કે કેમ તે નક્કી ન કહી શકાય....! કારણ આ પક્ષ પલટુ ધારાસભ્યો સામે તેમના મત વિસ્તારોમા ભારે લોક વિરોધ છે.....! જ્યારે કોરોના સામે રાજસ્થાનની કોંગ્રેસની સરકારે જે પગલાં લીધા હતા તેના મોદીજીએ ભરપેટ વખાણ કર્યા હતા અને રાજસ્થાન મોડલનો અમલ થાય તે માટે દરેક રાજયને નિર્દેશ આપ્યો હતો. બીજી તરફ ધીરે ધીરે ભાજપાએ એવું દુભાણીયુ લગાડી દીધું કે ગેહલોત સરકાર પાયલોટની આગેવાનીમાં ઉથલી પડે તેવી સ્થિતિ બનાવી દીધી છે.....!? મતલબ હવે ભાજપાની ભાગીદારી વાળી સરકાર બની શકે તો આને શું કહેવાય.....? વિસ્તારવાદી નીતિ કે વિકાસ.......!? વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૪/૦૭/૨૦૨૦, મંગળવાર, અષાઢ વદ-૯
સૂર્યોદય-૬-૧૨, સૂર્યાસ્ત-૭-૩૩, જૈન નવકારશી-૬-૫૯,
આજની રાશિ : મેષ (અ.લ.ઈ.), નક્ષત્રઃ અશ્વિની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**
૯-૩૩ થી ચલ-લાભ-અમૃત-૧૪-૩૩ સુધી, ૧૬-૧૩થી શુભ-૧૭-૫૩ સુધી, ૨૦-૫૩ થી લાભ-૨૨-૧૩ સુધી, ૨૩-૩૩ થી શુભ-૨૪-૫૩ સુધી

**- શુભ હોરા-**
૮-૨૬થી ૧૧-૪૬ સુધી, ૧૨-૫૩ થી ૧૩-૫૯ સુધી, ૧૬-૧૩ થી ૧૯-૩૩ સુધી, ૨૦-૨૬થી ૨૧-૨૦ સુધી

# સોના-ચાંદીમાં નવા સપ્તાહનાં કામકાજનો પ્રારંભ વાયદાના ભાવમાં તેજી સાથે થયોઃ ક્રૂડ તેલમાં ઘટાડો

## કપાસ અને કોટનમાં નરમાઈઃ સીપીઓ, મેન્થા તેલના વાયદાના ભાવમાં સુધારાનો સંચારઃ પ્રથમ સત્રમાં રૂ.૧૩,૯૧૭ કરોડનું ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨,૨૦,૨૪૦ સોદામાં રૂ.૧૩,૯૧૭.૩૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં નવા સપ્તાહનાં કામકાજના પ્રથમ દિવસે તેજીનો માહોલ હતો. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૬ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૧,૦૫૫ ઊછળ્યો હતો. બિનલોહ ધાતુઓ પણ એકંદરે વધી આવી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને ઘટ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં કપાસ અને કોટનમાં નરમાઈ સામે સીપીઓ અને મેન્થા તેલમાં સુધારો વાયદાના ભાવમાં થયો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૨૦૭૫૩ સોદાઓમાં રૂ. ૭૬૨૯.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૯૦૪૬ ખૂલી, ઊપરમાં રૂ. ૪૯૧૫૫ અને નીચામાં રૂ. ૪૮૯૩૫ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૫૬ વધીને રૂ. ૪૯૧૧૯ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૩૬ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૯૫૯૭ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૨ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૯૧૨ થયા હતા, જ્યારે સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૩૮ વધીને બંધમાં રૂ. ૪૯૧૨૧ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૫૧૭૮૦ ખૂલી, ઊપરમાં રૂ. ૫૨૫૨૭ અને નીચામાં રૂ. ૫૧૭૮૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦૫૫ વધીને રૂ. ૫૨૪૧૭ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ. ૯૭૪ વધીને રૂ. ૫૨૪૫૧ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ રૂ. ૯૬૯ વધીને રૂ. ૫૨૪૪૫ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૬૮૩૬૧ સોદાઓમાં રૂ. ૨૨૮૬.૦૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૦૨૯ ખૂલી, ઊપરમાં રૂ. ૩૦૩૪ અને નીચામાં રૂ. ૨૯૮૪ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૪ ઘટીને રૂ. ૨૯૯૯ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૨૧૦ સોદાઓમાં કુલ રૂ. ૧૮૬.૪૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જુલાઈ વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૬૦૮૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૧૩૦ અને નીચામાં રૂ. ૧૬૦૫૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૦ ઘટીને રૂ. ૧૬૦૭૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૬૮૧.૧ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩.૨ વધીને બંધમાં રૂ. ૬૮૩.૮ ના ભાવ હતા, જ્યાર મેન્થા તેલ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૯૮૦ ખૂલી, ઊપરમાં રૂ. ૯૮૫.૯ અને નીચામાં રૂ. ૯૭૭.૧ રહી, અંતે રૂ. ૯૮૩.૭ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૮૦ ખૂલી, ઊપરમાં રૂ. ૯૮૦ અને નીચામાં રૂ. ૯૬૭ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨.૫૦ ઘટીને રૂ. ૯૭૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૯૨૮૯ સોદાઓમાં કુલ રૂ. ૩૫૧૭.૮૨ કરોડ ની કીમતનાં ૭૧૬૯.૨૨૫ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૧૦૧૪૬૪ સોદાઓમાં કુલ રૂ. ૪૧૧૧.૮૫ કરોડ ની કીમતનાં ૭૮૬.૬૩ ટન, ક્રૂડ તેલમાં ૨૫૩૩૫ સોદાઓમાં રૂ. ૧૦૬૨.૩૭ કરોડનાં ૩૫૩૦૦૦૦ બેરલ્સ, કોટનમાં ૩૮૮ સોદાઓમાં રૂ. ૨૩.૦૩ કરોડનાં ૧૪૨૭૫ ગાંસડી, સીપીઓમાં ૧૭૩૦ સોદાઓમાં રૂ. ૧૫૭.૭૫ કરોડનાં ૨૩૧૭૦ ટન, મેન્થા તેલમાં ૪૪ સોદાઓમાં રૂ. ૪.૬૭ કરોડનાં ૪૭.૫૨ ટન, કપાસમાં ૪૮ સોદાઓમાં રૂ. ૯૭.૪૧ લાખનાં ૨૦૦ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૨૦૫.૩૦૧ કિલો, ચાંદીના વાયદાઓમાં ૬૭૧.૧૨૭ ટન, ક્રૂડ તેલમાં ૪૯૨૮ બેરલ્સ, કોટનમાં ૧૧૮૯૭૫ ગાંસડી, સીપીઓમાં ૮૩૩૧૦ ટન, એલચીમાં ૧.૨ ટન, મેન્થા તેલમાં ૧૪૪.૭૨ ટન અને કપાસમાં ૬૫૨ ટનના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી ઓપ્શન્સમાં સોનું-મિનીના ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૪૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૧૯૬.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૩૯૭ અને નીચામાં રૂ.૧,૧૬૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧,૨૩૭.૫૦ના સ્તરે બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સનો રૂ.૪૮,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસ વાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫૦ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૫૦ના સ્તરે બંધ થયો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૮૦ ખૂલી, ઊપરમાં રૂ. ૬૭૮ અને નીચામાં રૂ. ૫૮૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૩૯ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૫૭.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૨૫૯.૫ અને નીચામાં રૂ. ૨૦૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૧૯.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૨૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૭૦૦ખૂલી, ઊપરમાં રૂ. ૨૩૦૪.૫ અને નીચામાં રૂ. ૧૭૦૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૧૮૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૩૦ ખૂલી, ઊપરમાં રૂ. ૫૪૯ અને નીચામાં રૂ. ૪૩૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૯૨ બંધ રહ્યો હતો.

તાંબાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૯૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૫ અને નીચામાં રૂ. ૧૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૩૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૦.૦૨ ખૂલી, ઊપરમાં રૂ. ૦.૦૨ અને નીચામાં રૂ. ૦.૦૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૦.૦૨ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૯૦ ખૂલી, ઊપરમાં રૂ. ૯૦ અને નીચામાં રૂ. ૫૯.૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૭.૨ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૬૩ ખૂલી, ઊપરમાં રૂ. ૭૫ અને નીચામાં રૂ. ૫૦.૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭૧.૧ બંધ રહ્યો હતો.

# નસીબની આશા એ જીવન જીવતો માનવ શું પુરુષાર્થનો અર્થ સમજી શકે?

પ્રારબ્ધ અને પુરુષાર્થ...

નસીબ મહાન કે મહેનત???

સફળતા નસીબ દ્વારા કે પુરુષાર્થ દ્વારા?

આજ આ એક મહત્વનો વિષય બની રહ્યો છે. લોકો ડગલે ને પગલે કોઈ પણ કામ કરવા માટેના શોર્ટકટ શોધતા ફરે છે અને અંતે પસ્તાવો થાય છે.

કોઈ વ્યક્તિ માત્ર એક કે બે લેખ અથવા કવિતા રચી ને લેખક કે કવિ નથી બની શકતો એવી જ રીતે કોઈ વ્યકતિ ની સરખામણી કરી ને એના જેવો વ્યંગ રચી ને એ વ્યક્તિ જેવા નથી બની શકાતું.

ઘણા બધા લોકો એવા હોય છે કે જે નાની નાની વાતો ને મહાન સફળતા સમજી લે છે અને અહંકાર થી ઘેરાય જાય છે તથા લોકો સાથે નો વ્યવહાર બદલી નાખે છે.આમ કરવાથી એમના મિત્રો અને હિતેચ્છુઓમાં પણ એ અવહેલના પામે છે અને તે સારા મિત્રો તથા અમૂલ્ય સલાહકારો ને ખોઈ બેસે છે.

આજ દરેક વ્યકતિ મહાન બનવા માંગે છે પણ મહાન વ્યક્તિઓ ના જીવનચરિત્રને આચરણ માં લાવવા નથી માંગતો.

આવી જ માનસિકતા દરેક મનુષ્યની હોય છે.એક માણસ ધારે એ કરી શકે છે પરંતુ જ્યારે એ માણસ તે લક્ષ્ય સુધી પહોંચવા માટે મહેનત નથી કરતો ત્યારે એ હતાશ થઈ જાય છે અને પોતાના નસીબ ને દોષ આપે છે.

હકીકતમાં નસીબ એ મહેનતથી જ ખીલે છે.મહેનતુ વ્યકતિ એ નસીબદાર વ્યકતિ કરતા વધારે સુખી બની શકે કારણ કે નસીબ તો ગમે ત્યારે પલટી શકે અને નસીબ દ્વારા મળેલ લક્ષ્ય ગમે ત્યારે દૂર ચાલ્યું જાય છે પણ જો એ જ લક્ષ્ય ને મહેનતથી પ્રાપ્ત કરેલું હોય તો ભગવાન પણ એને છીનવી નથી શકતા.

મનુષ્યને એના નસીબમાં લખેલું બધું મળે જ છે પણ એના માટે એમણે મહેનત કરવી પડે છે.

ઈચ્છીત લક્ષ્ય સુધી પહોંચવા માટે એ લક્ષ્ય મુજબ મહેનત કરવી પડે છે જેટલું લક્ષ્ય મહાન હશે એટલી જ મહેનત અને ત્યાં લક્ષ્ય સુધી પહોંચવાનો માર્ગ કષ્ટદાયક હશે.જેમ એક પથ્થરમાંથી હીરો બનવા માટે એ પથ્થર ને ધારદાર કાપણી નીચે થી પસાર થવું પડે એમ જ માણસને પણ જો સફળતા પ્રાપ્ત કરવી હોય તો એમણે કષ્ટદાયક માર્ગ પર ચાલવુ જ પડશે.આપણે અનુભવેલા આવા કષ્ટ એ આપણા જીવન ના અવરોધ સમાન લાગે છે પરંતુ આપણા લક્ષ્યના માર્ગમાં આવતો દરેક કષ્ટ આપણને ધારદાર અને મજબૂત બનાવે છે.

જ્યારે કોઈ વ્યક્તિ અથાગ મહેનત અને પરિશ્રમ કરવા માટે થનગની ઉઠે ત્યારે ભગવાન પણ એમની સફળતાના રસ્તાઓ ખોલી આપે છે.

પરિશ્રમ નું પ્રથમ પગથિયું કદાચ મુશ્કેલ અને કષ્ટદાયક હશે પણ આગળના પગથિયાં ચડવામાં એ ખૂબ પ્રોત્સાહન આપે છે અને આપણો વીલ પાવર એટલે કે આત્મશક્તિ મદદરૂપ બને છે.

ભગવાન જ્યારે માણસ ને મહેનત કરવા માટે નો સંદેશ આપે ત્યારે કૈક આવી રચના લખવાનું મન થાય કે...

મહેનત કરીશ તો તારી મૈયત માં જઈશ,બાકી આળસુની જાન માં જવું અમને નહીં પોસાય...

એક વાર તું લક્ષ્ય ધારી તો જો,

રસ્તા ખુલ્લા કરી આપીશ,પણ બીજા ના રસ્તે ચાલશો એ અમને નહીં પોસાય...

અરે માત્ર એક ડગલું વધારવાની વાત છે,વિશ્વાસ રાખો મારા પર...

પણ અંધવિશ્વાસ ને સહારે ચાલશો એ અમને નહીં પોસાય...

અંતે એટલું કહેવું કે આ માનવજીવન ને મહેનત અને પરિશ્રમ રૂપી ઘરેણા દ્વારા શણગાર કરીએ અને એક ઉન્નત મસ્તક એ જીવન જીવવાનો આગ્રહ રાખીએ.

-કૌશલ એન જાદવ..રાજકોટ

×પ્રારબ્ધ એ પુરુષાર્થની સામે પાંગળૂ હોવા છતાં પણ જો આપણે પ્રારબ્ધ એટલે કે નસીબના ભરોસે બેસી રહે છે તો એક ઉચ્ચતમ જીવન જીવવાની આશા રાખવાનો એ વ્યકતિ ને કોઈ હક નથી - કૌશલ એન જાદવ

# કપરાડા ના વારોલી તલાટ ગામે રક્તદાનની જગૃતિ માટે બ્લડ ડોનેશન કેમ્પ યોજવામા આવ્યો

સતિષ પટેલ
બ્યુરો ચીફ વલસાડ

covid-19 વાયરસ ને ધ્યાનમાં રાખીને આયુર્વેદિક ઉકાળા સાથે સોશિયલ ડિસ્ટન્સ માસ્ક પહેરીને સમગ્ર કાર્યક્રમ યોજવામાં આવ્યો રક્તદાન દાતા ઓને પ્રોત્સાહિત કરવા અને નવા રક્તદાન દાતાઓ ને પ્રેરણા મળે તે માટે અને આવનાર સમયમાં ધરમપુર અને કપરાડા તાલુકામાં બ્લડ બેંક ઊભી થાય તે માટે ની ચર્ચા કરવા આવી હતી.રિલીફ ગૃપ વલસાડ મિત્રો ના સહયોગ આદિવાસી વિકાસ સેવા



સંગઠન ટ્રસ્ટના રમણભાઈ પટેલ, ચીમનભાઈ પટેલ દ્વારા વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના વારોલી તલાટ ગામની પ્રાથમિક શાળામાં પરિસરમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજવામા આવ્યો ,જેમાં ૧૬ યુનિટ બ્લડ એકત્ર થયું હતું .રક્તદાન કેમ્પની દીપ પ્રાગટય નાયબ કલેક્ટર કવાંટ પ્રિતેશ પટેલના વરદહસ્તે કરવામાં આવી હતી.આ પ્રસંગે નાનાપોઢા પોલીસ સબ ઈન્સપેક્ટર ડી જે બારોટ , ધરમપુર સ્ટેટ હોસ્પિટલ ડૉ. હરીશ જાદવ , કપરાડા શિક્ષક સંઘ પ્રમુખ આયતુલ પાડવી, મયંક પટેલ, રેઈન્બો વોરીયર્સ ધરમપુર શંકરભાઇ પટેલ શાળાના આચાર્ય હિતેશ પટેલ , એસ.એમ સી અધ્યક્ષ બિપિન રાઉત શિક્ષક મિત્રો ગ્રામજનો નેહરુ યુવા સંગઠન કિરણ ભોયા, સામાજિક કાર્યકરો જયેન્દ્ર ગાંવિત, રાજેશ રાઉત ,દિનેશ ખાંડવી , ડૉ.પિયુષ ધૂમ, ગમન ગાંવિત, બચુ ભગરિયાં, વારોલી ગામના ગ્રામજનો અને આદિવાસી સેવાભાવી સંઘટનો એ કાર્યક્રમ ને સફળ બનાવવા જહેમત ઉઠાવી.

**નથી વેડફી નોકરીમાં ક્યારેય**
**એક ક્ષણ કદી નકામી પરંતુ**
**નિવૃત્તિમાં નવરા બેસી રહેવાની**
**મજા પણ કઈક ઓર હોય છે**
**ના જાગવાની કોઈ ઝંઝટ**
**ના ઊંઘવાની કશી ઉતાવળ**
**અભેરાઈએ ચડાવી દો એલારામને**
**મોડા ઉઠવાની**
**મજા પણ કઈક ઓર હોય છે**
**સદા અંકુશ માં**
**ખુદ ને મિટાવી રહ્યા કાયમ ખુશ માં**
**ભૂલી જાઓ એ બધું**
**મુક્તિને માણવાની**
**મજા પણ કઈક ઓર હોય છે**
**શરીર ને સાચવો હવે**
**આળસુ થઈ ને આરામ ફરમાવાની**
**મજા પણ કઈક ઓર હોય છે**
**બદલીની બીકમાં કશું બોલી ના શક્યા**
**લોકેશન ની લ્હાયમાં લડી ના શક્યા**
**ફગાવી દો એ ફડફડાટ,**
**માથું ઉચકીને માગવાની**
**મજા પણ કઇક ઓર છે**
**છૂટી ગયા,સીએલ,ઈએલ,**
**સીક લીવના છટકામાંથી,**
**ના ઉગારી શક્યું કોઈ એ ખટકામાંથી**
**ફરો હવે ફાવે તેમ ફિકર વિના,**
**રજા વગર રખડવાની**
**મજા પણ કઈક ઓર છે**
**બોલવાનું હતું ત્યાં બોલી ના શક્યા**
**આક્રોશ કોઈ ની આગળ ઓલવી ના શક્યા**
**હવે ફેકો, ફેકવું હોય તેટલું**
**બિન્દાસ બેધડક બોલવાની**
**મજા પણ કઇક ઓર છે**
**હાજી..હાજી..જીહા..જીહા**
**કહીને વેડફી નાખી જીન્દગી**
**હવે નિવૃતિ જીવન માં**
**જલસા કરી લ્યો મિત્રો ,**
**સમય આવ્યે સામા પડવાની**
**મજા પણ કઈક ઓર હોય છે**
**વિતી ગયેલા વર્ષો**
**કદી પાછા નહી વળે**
**છોડી ગયાછે જે સાથ**
**એ ફરી નહી મળે**
**અંતિમ ક્ષણ સુધી**
**કરી લ્યો આનંદ**
**નિવૃત્તિ માં મુસ્કુરાવાની**
**મજા પણ કઇક ઓર છે**
**ડો.મયંક જોશી)**
**(મારા નિવૃત મિત્રોને અર્પણ)**

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.આયોજક - સંચાલન એડમીન ટીમ.

ન્યુઝ ઓફ ગાંધીનગરમાં દરેક સ્પર્ધકનું સ્વાગત છે"
પદ્ય વિભાગ
૧)NG NO/0012
ડો નિષાદ ઓઝા
અમન"
શીર્ષક -સ્વપ્ન
૨)NG NO/ 0076
પારુલ ઠક્કર
"યાદ"
શીર્ષક -સોણલાં
૩)NG NO/0010
દિપ્તી પટેલ
"શ્રી કૃપા
શીર્ષક -હરિધામ
૪)NG No/0015
મેહુલ ત્રિવેદી
શીર્ષક -સપનું લખતાં બેઠાં?
૫)NG NO/0014
જયેશ સંઘાર
શીર્ષક -દુ:ખીને સ્વપ્નસુખ કયા?
ગદ્ય વિભાગ
૧)NG NO/0053
સંજય તરબંદા"સાંજ "
શીર્ષક -મિરેકલ
૨)NG NO/0055 શ્રદ્ધા ભટ્ટ
શીર્ષક - જાદુ
૩)NG NO/ 0044 વિભૂતિ દેસાઈ ઘાસવાલા
શીર્ષક-સપનું
૪)NG NO/ 0073 પલ્લવી ગુપ્તા
શીર્ષક -સમણું
૫)NG NO0009 " મનોજ કુમાર પંચાલ"મન"
શીર્ષક - સમણું
વિજેતા મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન
એડમિન પેનલ

---

NG - 55
ન્યૂઝ ઓફ ગાંધીનગર
શબ્દ સ્પર્ધા...શબ્દ : સ્વપ્ન...શીર્ષક : જાદુ..ક્ષ્રપ્રકારઃ ગદ્ય

હે પ્રભુ! હું પામર માનવી,
જાણે ઇચ્છાઓની ખાણ, અસંખ્ય માંગણીઓ, પારાવાર મુશ્કેલી પછી પણ ધબકતું હૃદય અને ઉગી નીકળતી આશાઓ..
પ્રભુ! આપના ચરણોમાં એક નિવેદન છે, હે નાથ! મારા આ ચર્મ ચક્ષુ એક સપનું જોઈ રહ્યા છે,
હા...અને એ પણ ખુલી આંખે, જાગૃત અવસ્થામાં.
હે ભગવાન!
હું એ લાયક તો નથી કે જીદ કરું કે આપ મારું સપનું સાકાર કરો પરંતુ વિનંતી જરૂર છે. હવે આ કોરોનારૂપી દાનવનો સંહાર થતો જોવો છે,મારા દેશના ડોક્ટરો કોરોનાની રસી શોધવા સફળ થાય એવું કરો . હવે નથી સહન થતું મોતનું તાંડવ, કીડા મંકોડાં જેમ માનવી મરી રહ્યો છે, અરે! આ તો એ સંસ્કૃતિ છે જ્યાં આ પામર જીવોને પણ પ્રભુનો અંશ માન્યો છે,તો માનવ જેવો માનવ આટલો લાચાર કેમ?
પ્રભુ! હવે મારો આંતરનાદ સાંભળો,શરીરના લોહીનું એકેક ટીપું , એક એક રૂવાંડે એક જ પ્રાર્થના છે.
મારી ખુલી આંખોનું સપનું સાકાર થાય .
શ્રદ્ધા ભટ્ટ...વાપી

---

શબ્દ પરથી સ્પર્ધા.....NG - 0052
શબ્દ -સૌંણલું, સોણું, સ્વપ્ન...વિભાગ - ગદ્ય
શીર્ષક - "મિરેકલ"
અજીબ સન્નાટો છવાયેલો હતો, આસપાસ અંધારું જ અંધારું ફેલાયેલું હતું,હું અંધકારમાં પ્રકાશને ગોતવા દોટ મૂકી રહ્યો હતો.
અરે ,હું કયા ખોવાઈ ગયો ?
અરે મારો અવાજ કોક તો સાંભળો?
"પ્લીઝ કોઈ મને બચાવો, હું ગુંગળામણ અનુભવી રહ્યો છું.હેલ્પ હેલ્પ..."
કદાચ મારો અવાજ કોઈ સુધી પહોંચી નહોતો રહ્યો.
હું બૂમ બરાડા પાડી હાર્યો થાક્યો ચૂપ રહી ગયો.
અચાનક મને કોઈનાં ચાલવાનો અવાજ સંભળાય રહ્યો હતો ,
એક આશાનું કિરણ ફરી જાગ્યું ,મેં ફરી મદદ માટે પોકાર પાડી જોઈ.
તે પગલાં ધીરે ધીરે મારી નજીક જ આવી રહ્યા હોય તેવો મને ભાસ થયો ,અંધારામાં હું લાચાર હતો કોઈને જોઈ નહોતો શકતો.
પરસેવે રેબઝેબ થવાથી પલળી ગયેલો ,ગળું સૂકાય રહ્યુ હતું.
ત્યાં તો મારી આંખો ફરી મિચાઈ ગઇ, જેવો જાગ્યો કે હું હોસ્પિટલનાં બીછાને પડ્યો હતો.
"અરે ,હું અહીં કયાંથી?"
હું તો.....વાક્ય પુરું કરે તે પહેલાં જ ડોક્ટર "રીલેક્શ તમે ઠીક છો હવે ,ડોન્ટ વરી ,આપ હાલ આરામ કરો."
"પણ હું અહીં ક્યાથી ? કેવી રીતે ?"
ડોક્ટર "તમે અર્ધ મૃત હાલતમાં કબ્રસ્તાનમાં દફન હતા ,તમારાં સગાં વહાલાને તમને મૃત સમજી દફનાવી દીધાં હતા.....
ઈશ્વરે તમને નવું જીવતદાન આપ્યુ છે, સદીયોમા ક્યારેક જ આવો મિરેકલ થતો હોય છે.
"આ નવો અવતાર તમારા માટે કોઈ ★સ્વપ્નથી★ કમ નથી."
"જી ડોક્ટર , આભાર તમારો"
અરે આભાર મારો નહી "આ ચોકીદારનો માનો કે જેને સમયસર તમને અહીં સુધી પહોંચાડી તમારાં જીવમાં નવો પ્રાણ ફુંકયો છે."
સંજય તરબદા "સાંજ".. વડોદરા

---

ન્યુઝ ઓફ ગાંધીનગર..NG -0011
વિભાગ - ગદ્ય....પ્રકાર - લઘુકથા
શબ્દ : સોણલું , સ્વપ્ન
શીર્ષકઃ સ્વપ્નાંથી શોધ તરફ

અવિનાશ રીસર્ચ સેન્ટરથી ઘેર આવી નિરાશ થઈને બેઠો છે.

શું થયું અવિનાશ, કેમ આજે નિરાશ થઈને બેઠો છે? સાહેબે કંઈ કીધું 'કે શું ?

ના....ના...પણ મારે વાયરસની બિમારીથી બચવા માટે રસી બનાવવી છે. માણસો ટપોટપ મરી રહ્યાં છે.... કીડીયારું ઉભરાય તેમ હોસ્પિટલ ઉભરાઈ રહી છે. માણસ મેળાની જેમ એકઠા થઈ રહ્યા છે. કોઈ બજારમાં....કોઈ મરણ પ્રસંગમાં... કોઈ લગ્ન પ્રસંગમાં... કોઈ સીમંતમાં....નિતનવા પ્રસંગોમાં માણસોની હાજરીથી બિમારી ફેલાઈ રહી છે. વિવિધ ટી.વી., મોબાઈલ ,સમાચારપત્ર પર બેન જાહેરાત પોસ્ટર કેટલી જાહેરાતો છતાં પણ લોકોમાં જાગૃતતા ક્યારે આવશે ? આવા વિચારો સાથે વ્યથિત થતો અવિનાશ સુઈ જાય છે. અવિનાશને કામનાં ભારણને કારણે ગાઢ નિદ્રા આવી જાય છે. સવારે ઊઠીને તે તેના બેડ પર નાચતો હતો.

અનિતાએ કહ્યું" શું થયું ?

અવિનાશે કહ્યું ," મને સરસ સ્વપ્ન આવ્યું. તેમાં એક રાજકુમાર વાયરસને કારણે બિમાર પડે છે . રાજવૈદ્ય કહે છે,"તેના વાયરસની દવા હિમાલયની તળેટીમાં આવેલી છે. એ જડીબુટ્ટીઓથી જ વાયરસ મરશે. જડીબુટ્ટીઓથી રાજકુમાર સાજો થાય છે."

અવિનાશ તેના સ્વપ્નાંની વાત સાહેબને કરે છે. સાહેબ તેને હિમાલયની તળેટીની એ જગ્યાએ મોકલે છે. અવિનાશ ત્યાંની જડીબુટ્ટીઓ લાવી રસી બનાવે છે. પછી તેનો પ્રયોગ માણસો ઉપર કરે છે. અવિનાશની વાયરસની રસી સફળ થાય છે.

અવિનાશ એક સરસ મજાનાં સ્વપ્નાંથી રસીની શોધ થઈ. સ્વપ્નની વાતની સાચી પડે છે.

'મન' મનોજકુમાર પંચાલ..પાલનપુર

---

: ગદ્ય, લઘુકથા : સ્વપ્ન, સમણું, સોણલું
શીર્ષક : સમણું
પ્રેમલગ્ન માં જોડાયેલ મધુ અને સૌરભનું લગ્નજીવન આનંદના ઉપવનમાં રાચતું હતું. સાંજના સાત વાગી ગયા હતા. મધુની રસોઈ રોજની જેમ પૂર્ણતાના કગાર પર હતી. સૌરભની રાહ જોતી એની નજર વારંવાર બારણા પર આંટા મારી રહી હતી. સૌરભ આવ્યો. થોડો મૂંઝાયેલો હતો.
મધુઃ "હાય સૌરભ! થાકી ગયો લાગે છે."

ટિફિન મધુ ના હાથમાં આપતાં સૌરભે હકારમાં માથું હલાવ્યું. મધુએ એના ચેહરાને વાંચતાં નટખટ સ્વરે ફરી બોલી, "અરે બોલને, શું થયું?"
અભિવ્યક્તિના શબ્દો શોધતો સૌરભઃ " મધુ, હ, હું, હું....મેં એકાન્ટંટની નોકરી છોડી દીધી."
મધુએ શાંત સ્વરમાં પૂછ્યું: "સારું! પણ કેમ?"

મધુના હાથ પોતાના હાથમાં લઇ, "તું તો જાણે છે ને મારે કોલેજમાં પ્રોફેસર થવું છે એના માટે એમ.એ. કરવું પડશે. રેગ્યુલર કોલેજ કલાસ ભરવા પડશે."
મધુઃ "જી, પ્રોફેસર સાહેબ! તો મુંઝાય છે શાનો?"

છ મહિનાની દીકરી પર નજર કરતાં સૌરભ બોલ્યો, "અને ઘર? તું? રીયા?"
મધુઃ "એય સૌરભ! તું જ્યારે પ્રેમ-પ્રસ્તાવ લઈને આવ્યો ને, મારી નજરને સ્વપ્ન મળ્યાં. તેં મારી સાથે લગ્ન કર્યા તો જાણે જન્મોજન્મના સમણાં પુરા થયાં. તારી સાથે જીવું છું, તો પ્રતિદિન અનેક નવા સમણાં ખીલી ઉઠે છે. આ તારું સ્વપ્ન નહિ, આપણું સ્વપ્ન છે. માત્ર બે જ વર્ષ ને! તું સાંજે, હું દિવસમાં ચાર-ચાર કલાક ટ્યુશન કરીશું, એક ટાઈમ જમીશું. બીજું કંઈ, પ્રોફેસર સાહેબ?"

એ ચારેય નજરોને સ્વપ્ન પૂર્ણ થતા દેખાયું.

પલ્લવી ગુપ્તા

---

NG : 0044.
વિભાગ ગદ્ય.
શીર્ષક સપનું
દીકરી હોવા છતાં મારો જન્મ થયો, તારા હાથમાં સ્થિર થઈ .
મોટી થતી ગઈ તેમ સ્થિરતા આવતી ગઈ અને તમે મને ઉડવાને આકાશ આપ્યું.એ ઉડાન એટલે કલેકટર બનવાનું મારું સપનું.કલેકટર બની જ્યાં મારું પોસ્ટીંગ થાય ત્યાંથી ભ્રષ્ટાચાર નાબુદ કરી પ્રજાને ભ્રષ્ટાચારની નાગચૂડમાંથી છોડાવું. શાળામાં તોતિંગ ફી ભરવા છતાં સરખું શિક્ષણ ન મળતું હોય શાળાની ફી જેવીજ તોતિંગ ફી ભરી મને કોંચીગ ક્લાસ માં મૂકી.
જે ભ્રષ્ટાચાર ને નાબૂદ કરવાનું સપનું હતું તે જ ભ્રષ્ટાચાર ને કારણે ક્લાસ માં લાગેલી ભીષણ આગથી બચવા નીચે કૂદકો માર્યો,અમને બચાવવાની કામગીરી હશે જ એવી આશાએ,પણ આશા અમર ને બદલે ઠગારી નીવડી.આજે મારા કેટલા બધા મિત્રો સાથે ધરતીમાને ખોળે અધૂરા સપના સાથે હંમેશ ને માટે સ્થિરતા પ્રાપ્ત કરી ચૂક્યા છે.
વિભૂતિ દેસાઈ ઘાસવાલા,બિલીમોરા

---

એડમીન પેનલ - પ્રદીપ રાવલ (તંત્રી/માલિક)
નિર્ણાયકશ્રી-જયશ્રી પટેલ,વંદના વાણી,કિશોર ઠક્કર
સહ નિર્ણાયક - આરતી મર્ચન્ટ ,આરતી રામાણી
સંચાલક - જીજ્ઞા કપુરિયા
સહ સંચાલક - મનીષ વોરા,પ્રણવ ઝાંખર

---

નોધ :- ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પ્રસિદ્ધ સાહિત્ય વિભાગ ના આયોજક,આયોજન,સંચાલન હવે પછી સાહિત્ય વિભાગ ગ્રુપ એડમિન કરશે.કોઈપણ લખાણ કે વ્યક્તિગત વાદ વિવાદ જવાબદાર એડમીન ટીમ રહેશે.તંત્રી ક્યાંય પણ કોઈપણ લખાણ કે ગ્રુપ મેમ્બરોને લગતા વાદ વિવાદ ને જવાબદાર નથી.જે સર્વે આં ગ્રુપ ના મેમ્બર નોધ લેવી ..તંત્રી : પ્રદીપ રાવલ

# ઘઉં ની રોટલી હવે ગાયબ થશે,તમારા ભાણા માંથી



એક ખૂબ જાણીતા હાર્ટ સ્પેશિયલિસ્ટસમજાવે છે કે તમારે તમારી તંદુરસ્તી ને સુધારવા માટે તમારા ભોજન માં ઘઉં નો ત્યાગ કરો .

વિલિયમ ડેવિસ **(MD-Cardiologist)** પોતાની કારકિર્દી ની શરૂઆત માં એનજીઓપ્લાસ્ટી, અને બાયપાસ સર્જરી કરતા હતા.

કારણ કે મને એજ કરવા માટે નું શિક્ષણ (ટ્રેનિંગ) મળી હતી,પણ ૧૯૯૫ માં જ્યારે મારી મમ્મી ને સારા માં સારી treatment મળ્યા પછી પણ એનું મૃત્યુ થયું, ત્યારે મને મારા શિક્ષણ માં શું શું ખામી છે, એ શોધવા માટે મે પ્રયત્ન શરૂ કર્યા.હું કોઈ પણ દર્દી ના હૃદય નું ઓપરેશન કરી તેને સાજો કરતો , એજ દર્દી થોડા સમય પછી મારી પાસે એજ હૃદય ની બિમારી લઇ ને પાછો મારી પાસે આવતો,

ત્યારે મને સમજાયું કે હું ફક્ત પાટા પિંડી જેવી સારવાર કરું છું , એ બિમારી નું ખરેખર કારણ શું છે, એ જાણવા નો પ્રયત્ન કરતો નથી

એટલે એ ડોક્ટરે એના પછી સતત ૧૫ વર્ષ સુધી આ બાબત( હૃદય ને આ બિમારી) માટે ખૂબ સંશોધન કર્યું

અને આ સંશોધન પછી "Wheat Belly" ( New York Times Best selling Book)

બહાર પાડી જેમાં એને ખૂબ જ વિસ્તાર થી લખ્યું છે કે હૃદય વિકાર, ડાયાબિટસવાળા, અને જાડા (વધારે વજન) વાળા લોકો તેમની ઘઉં ખાવાની આદત થી આ બિમારી નો ભોગ બને છે

ભોજન માંથી જો ઘઉં ની વાનગી ઓ ને બાકાત કરશો તો તમે તમારી તંદુરસ્તી સુધારવા માં ખૂબ મદદગાર સાબિત થશે

આ પુસ્તક " Wheat Belly"*

માં શું જણાવ્યું છે ?

ઘઉં થી તમારા શરીર ના લોહી માં સાકર નો ઝડપ થી વધારો કરે છે,

માત્ર બે રોટલી ,એક મીઠાઈ ના ટુકડા થી પણ વધારે સાકર નું પ્રમાણ લોહી માં વધારે છે

જ્યારે મારી સલાહ થી મારા દર્દીઓ એ ઘઉંની બનાવટની ભોજન ખાવાં નું છોડી દીધું, ત્યારે એમનું વજન ખૂબ ઝડપ થી ઓછું થયું, અને એમનાપહેલા મહિના માં પેટ અને કમર ની સાઈઝ માં સારો એવો ઘટાડો થયો

અને હવે મે વધારે વજન , મેદસ્વીપણું, એની સાથે ઘઉં નો શું સંબંધ છે , એની સરખામણી કરવા નું શરુ કર્યું

મારા ૮૦ ટકા દર્દી ઓ ડાયાબિટીસ માં શરૂઆત કે બીજા સ્ટેજ માં હતા,

મારી સલાહ થી જયારે તેમને તેમના ભોજન માંથી ઘઉં નો ત્યાગ કર્યો, ત્યારે માત્ર ૩ થી ૪ મહિના માં એમના બ્લડ સુગર નો ખાસ્સો ઘટાડો નોંધાયો, પણ

એની સાથે બીજુ ઘણુ બદલાયું

એક દર્દી એ જ્યારે ઘઉં બંધ કર્યા, ત્યારે ,તેના વજન માં ૪ મહિના માં ૧૫-૧૬ કિલો નો ઘટાડો થયો, એને શ્વાસ ની તકલીફ (અસ્થમા) એટલે હદે દૂર થઈ કે એને ઈન્હેલર ( Inhaler) લેવાનું છોડી દીધું, એને છેલ્લા ૨૦ વર્ષ થી માઈગ્રેન (સખત માથા નો દુખાવો) ની બીમારી હતી , એ દૂર થઈ ગઈ,

એની મરડા ની ,તેમજ અલ્સર , ઘૂંટણ નો દુખાવો , નિંદર નહિ આવે, વગેરે ઘણી બધી બીમારીઓ દૂર થઈ ગઈ.

હવે તમે ઘઉં નું રાસાયણિક વિશ્લેષણ કરશો , તો એમાં ×એમાયલોપેકટીન× નામનું તત્વ હોય છે , જેનાથી આપના લોહી માં × LDL " naam હે કોલેસ્ટ્રોલ નો વધારો થાય છે, જેના લીધે હૃદય ના રોગ થાય છે

જ્યારે તમે તમારા ભોજન માંથી ઘઉં નો ત્યાગ કરો છો ,

ત્યારે આ કોલેસ્ટ્રોલ નું પ્રમાણ એકદમ (૮૦-૯૦%) ઘટી જાય છે

બીજુ ઘઉં માં (Gliadin) ગલાયદીન નામનું તત્ત?વ હોય છે ,જે થી તમને ભૂખ વધારે લાગે છે, તેથી તમારું રોજ નો ૪૦૦ કેલેરી જેટલો વધારે ખોરાક ખવાઈ જાય છે,

આ તત્વ તમને વધારે ખાવાની આદત પાડે છે

શું ઘઉં ના ત્યાગ થી આપને ગ્લુટેન ફ્રી ભોજન ખાઈ એ છીએ ??

×ગ્લુટેન × એતો ઘઉં નું માત્ર એક તત્ત?વ છે,

જો તમે ઘઉં માંથી ગ્લુટેન બાદ કરો ,પછી પણ ઘઉં આપણા માટે નુકશાનકારક છે, કારણ કે

હજુ એમને ગલાયદીન & અમયલોપેક ટીન જેવા તત્ત?વ જેના થી લોહી માં સુગર ખૂબ વધી જાય છે.હું લોકો ને સલાહ આપીશ કે તેઓ તેમના ભોજન માં ફળ, શાકભાજી, ડ્રાય ફ્રૂટ ( બદામ કાજુ,અખરોટ)કઠોળ ( મગ, ચણા) દાળ ભાત અને જુવાર ,બાજરી જેવા પદાર્થો વધારે ખાવાની ટેવ પાડે

ઘઉં માં ૧૯૭૦-૮૦ થી વધારે પાક લેવાની તેમજ હાઈ બ્રીડ જાત લેવા ની ટેકનિક થી એમાં ગ્લુટેન અને ગલાયડીન નું પ્રમાણ ખૂબ વધી ગયું છે

જો આપને ઘઉં ની રોટલી, બ્રેડ પાસ્તા રોજ ખાવાનું બંધ કરી ને બાજરી, જુવાર , માં રોટલા અને દાળ ભાત , શાક શરૂ કરશું તો આપનું વજન ઘટશે અને તમારું બ્લડ સુગર ઓછું થશે, તમારા ભોજન નું પ્રમાણ ઓછું થશે.તમારું હૃદય , શરીર વધારે તંદુરસ્ત બનશે

તમારા મિત્રો ને આ લેખ મોકલી ને એમની તંદુરસ્તી પણ તમે સુધારવા માં મદદગાર બનશો, ??

(Reporting by: Pradip Raval)

## પાંચ જ્ઞાતિસમૂહો દ્વારા સુરતમાં નિ:શુલ્ક 'કોમ્યુનિટી આઈસોલેશન સેન્ટર'ની પહેલ

# ૪૮૦ બેડના સુવિધાયુક્ત વોર્ડ ઊભા કર્યા, પાટીદાર સમાજ ૧૦૦ બેડ આપશે

સુરત,તા.૧૩

કોરોના મહામારીમાં હોમ આઈસોલેશનનો કોન્સેપ્ટ વિશ્વમાં સ્વીકાર્ય બન્યો છે. આવા સંજોગોમાં લક્ષણ વગરના અને સામાન્ય લક્ષણ ધરાવતા કોવિડ દર્દીઓને ઘરમાં આઈસોલેટ કરી શકાય અને તેમની સારવાર સરકારની ગાઈડલાઈન્સ મુજબ તેમના ઘરમાં જ થઈ શકે છે. દરેક દર્દીઓને નિ:શુલ્ક બેડ, દવાઓ, પૌષ્ટિક ભોજન, નાસ્તો, પાણી અને ડોક્ટર સાથે એમ્બ્યુલન્સની સુવિધાઓ કરવામાં આવી છે. આ બાબતને વિશાળ હિતમાં અનુસરતાં રાજયના આરોગ્ય અગ્ર સચિવ ડો. જયંતિ રવિ તેમજ નાણા વિભાગના સચિવ મિલિંદ તોરવણેના માર્ગદર્શન હેઠળ એસએમસી મ્યુનિ. કમિશનર બંછાનિધિ પાનીના પ્રત્યક્ષ માર્ગદર્શન દ્વારા દેશભરમાં નવતર પહેલરૂપે કોમ્યુનિટી આઈસોલેશન સેન્ટરની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. ભારતમાં પહેલી વાર સામૂહિક આઈસોલેશનનો કોન્સેપ્ટ સુરતમાં શરૂ કરાયો છે.

સુરતના પાટીદાર સમાજ, વાટલીયા પ્રજાપતિ સમાજ, આહિર સમાજ, વ્હોરા સમાજ તેમજ રાણા સમાજ દ્વારા પોતાના સમાજબંધુઓ માટે કુલ ૪૮૦ બેડની સુવિધાયુક્ત ખાસ કોમ્યુનિટી આઈસોલેશન વોર્ડ ઊભા કરાયા છે. આ આઈસોલેશન સુવિધામાં દરેક દર્દીઓને નિ:શુલ્ક બેડ, દવાઓ, પૌષ્ટિક ભોજન, નાસ્તો, પાણી અને ડોક્ટર સાથે એમ્બ્યુલન્સની સુવિધાઓ કરવામાં આવી છે. તમામ સેન્ટરોને સિવિલ હોસ્પિટલના આરોગ્ય તંત્ર સાથે લિંકઅપ કરવામાં આવ્યાં છે. અહીં દાખલ દર્દીને ઈમરજન્સી મેડિકલ સેવા પણ મળી શકશે. આ પાંચ સમાજ દ્વારા પોત-પોતાના સમાજના હળવી અસર ધરાવતાં દર્દીઓને સારસંભાળ રાખવામાં આવી રહી છે. ઘર જેવું વાતાવરણ આપતાં આ પ્રકારના સામૂહિક આઈસોલેશન સેન્ટર સિવિલ તેમજ સ્મીમેર હોસ્પિટલ પરનું ભારણ ઘટાડવામાં સહાયરૂપ બની રહ્યા છે.

કોવિડ માટેના ખાસ ફરજ પરના અધિકારી રિટાયર્ડ આઈ.એસ.એસ. આર.જે. માંકડિયાએ જણાવ્યું કે, વિવિધ સમાજના આગેવાનો સાથે બેઠકો કરીને દેશભરમાં સૌપ્રથમવાર જ્ઞાતિ સમૂહોની સમાજ વાડીમાં 'કોમ્યુનિટી આઈસોલેશન સેન્ટર'નો કોન્સેપ્ટ અમલમાં લવાયો છે. સુરતના પાટીદાર સમાજ દ્વારા ૧૧૦, વાટલીયા પ્રજાપતિ સમાજ દ્વારા ૭૦, આહિર સમાજ દ્વારા ૧૦૦, વ્હોરા સમાજ દ્વારા ૫૦ તેમજ રાણા સમાજ દ્વારા ૫૦ બેડ મળી કુલ ૪૮૦ બેડની સુવિધા ધરાવતાં કોમ્યુનિટી આઈસોલેશન સેન્ટર શરૂ કરી દેવામાં આવ્યાં છે. મારૂતિ વીર જવાન ટ્રસ્ટ દ્વારા પણ ૧૦૦ બેડનું આઈસોલેશન સેન્ટર બનાવાયું છે.

# તન થાક્યુ મન માં ઉમંગ

આવી ઉભો જિંદગીના પંચોતેરમા વર્ષે
મનોકામના ખરી સો સાલ હર્ષથી વિતે
તન કંઈક થાક્યું છે મન માં ઉમંગ વહે
ભલે શરીર ના સાથ દે જોમ સબળ છે
થઇ સર્જરી બાયપાસ ઘૂંટણ આંખની
આત્મા રહ્યો નિરોગી છેકૃપા કુદરતની
વિતાવી જિંદગી મુશ્કેલમાં ખુમારીથી
ભલે થયા રિટાયર્ડ હજુ ટાયર્ડ નથી
મળે છે પરિવાર નો પ્યાર ને સન્માન
હૂંફ જિવનસાથી ની છે સાચેજ મહાન
મારા સ્નેહિ મિત્રોને શિખ અર્પણ કરું
"મન" મજબૂત રાખશો તો રહેશે રુડુ
"મન" ૧૩-૦૭-૨૦૨૦


## તંત્રની બેદરકારી થી હજ્જારો લીટર પાણીનો વેડફાટ

# માલપુર ના હમીરપુર પાસે નર્મદા પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતા ૨૦ ફૂટ ઉંચા ફુવારા ઉડ્યા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

રાજ્ય સરકાર દ્વારા પાણીની તંગીથી પીડાતા છેવાડાના ગ્રામ્ય વિસ્તારો સુધી પાણી પહોંચાડવા માટે અબજો રૂપિયાના એંધાણ કરી રહી હોવાછતાં અણઘડ વહીવટ અને ભ્રષ્ટાચાર થી ખદબદતા પાણી પુરવઠા તંત્રના ભોગે લોકો પાણી વગર ટળવળી રહ્યા છે

નર્મદા નદી માંથી પાઈપલાઈન મારફતે પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે




ત્યારે માલપુર નજીક આવેલા હમીરપુર ગામ પાસેથી પસાર થતી મુખ્ય પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા ભંગાણ થી ૨૦ ફૂટ ઊંચા ફુવારા ઉડ્યા હતા તંત્ર ની બેદરકારી ના કારણે હજારો લીટર પાણી નો વ્યય થતા લોકોમાં રોષ જોવા મળ્યો હતો

# કેશોદ નગરપાલિકા પ્રમુખ સામે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખે કરેલ આક્ષેપ નો જનતા જોગ ખુલાશો

કેશોદ (રાજુભાઈ પંડ્યા)

તાજેતરમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખે એકલ દોકલ મીડીયા સમક્ષ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે નગરપાલિકા પ્રમુખ અને વ્યાપારી મહા મંડળના બની બેઠેલાં પ્રમુખ યોગેશ સાવલીયા સામે આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે માત્ર સસ્તી પ્રસિધ્ધિ માટે નગરપાલિકા દ્વારા વેરો માફીના પેમ્પલેટ છપાવી જાહેરાત કરેલ જે ખોટી જાહેરાતો કરી ખોટા જશ મેળવવા માટે હવાતિયાં મારેછે એ બાબતે નગરપાલિકા પ્રમુખ યોગેશ સાવલીયાએ જવાબ આપતાં જનતાને જણાવ્યું છે કે રાજય સરકાર દ્વારા આત્મ નિર્ભર પેકેઝ જાહેર કરેલ જેના ભાગરૂપે પ્રોપર્ટી ટેક્સમાં રાહત આપવામાં આવે છે અને તે પણ મુદત નક્કી કરેલછે ત્યાં સુધી અને તે મુદતમાં વધારો કરવા રજૂઆત કરવામાં આવીછે અને જે સરકાર દ્વારા ટેક્સ માફીની જાહેરાત કરવામાં આવીછે

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ દ્વારા નગરપાલિકા પ્રમુખ સામે વાહીયાત આક્ષેપ કર્યો હતો તેના જવાબમાં નગરપાલિકા પ્રમુખ યોગેશ સાવલીયાએ જનતા જોગ સંદેશ આપતાં જણાવ્યું હતું કે વ્યાપારી મહા મંડળનું બે વર્ષ પહેલા રજીસ્ટ્રેશન કરાવવા મુકેલ હતું જેનો ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખ દ્વારા વાંધો લઈ અટકાવેલ હતું અને વ્યાપારી મહા મંડળનો એકમાત્ર ચેમ્બર ઓફ કોમર્સ વિરોધ કરેછે અને મોટા ઉદ્યોગો માટે છે જયારે વ્યાપારી મહા મંડળમાં ચાલીસ જેટલા વેપારીઓ જોડાયેલા છે જે નાના વેપારીઓ માટે બનાવેલ છે જનતાએ ખોટી વાતોથી ગેરમાર્ગે ન દોરાવું સત્ય હકીકત જાણવી અને લોકોએ પણ સહકાર આપવા નગરપાલિકા પ્રમુખ યોગેશ સાવલીયાએ જનતા જોગ સંદેશ આપતાં જણાવ્યું છે



સિદ્ધપુર શહેરમાં કોરોનાનું સંક્રમણ વધતા અને કોરોનાના કેસોમાં વધારો થતાં સિદ્ધપુર નગરપાલિકા દ્વારા જે વિસ્તારોમાં કોરોના ના કેસો આવેલ તે તમામ વિસ્તાર જેવા કે સિદ્ધેશ્વરી સોસાયટી, લીલાશાહ નગર સોસાયટી, ઘનશ્યામ સોસાયટી તે સિવાય કોઠારીવાસ,વેદવાડો,વહેવરવાડો, ખીલાતરવાડો, તરવાડીનો મહાડ સહિત સમગ્ર શહેરના મુખ્ય માર્ગો ને આવરી લઈ સિધ્ધપુર નગરપાલિકાની ફાયર વિભાગની ટીમ દ્વારા લગભગ સિદ્ધપુરના તમામ વિસ્તાર સેનેટાઈઝ કરાયા.

# કેશોદના ગ્રામ્ય વિસ્તારોમાં વીજપુરવઠો ખોરવાઈ જાય પછી મરામત કરવામાં ઠાગાઠૈયા કરતું તંત્ર

કેશોદ:(રાજુભાઈ પંડ્યા)

કેશોદ શહેર-તાલુકા નો વિસ્તાર દરિયા કિનારે આવેલો છે ત્યારે ચોમાસામાં વરસાદ સાથે વાવાઝોડું ફુંકાવાની સંભાવના વધારે હોય છે જેથી આવશ્યક સેવાઓ ઉપલબ્ધ કરતી કચેરીઓમાં કામગીરી વધી જાય છે આવી સ્થિતિમાં અધિકારીઓ નાં હુકમો હોય તો પણ ઘોળીને પી જવામાં કર્મચારીઓ એ કુનેહ મેળવી લીધી હોય છે જેનાં ભોગે સામાન્ય નાગરિકો વગર વાંકે હેરાન પરેશાન થતાં હોય છે. ચોમાસામાં વરસાદ ની સાથે સાથે પવન ફૂંકાતા વીજપુરવઠો ખોરવાઈ જવાની ઘટનાઓ સામાન્ય રીતે બનતી હોય છે ત્યારે ફોલ્ટ નોંધાવ્યા બાદ રીપેરીંગની કામગીરી સંભાળતા લાઈન મેન કે વાયરમેન વાહન ની રાહ જોતાં હોય છે અને જીઈબી નું વાહન આવ્યાં બાદ સામાન્ય ફોલ્ટ હોય તો તુરંત કરી આપે નહિતર આ બદલવું પડશે એવું કહીને વિજગ્રાહકે દોડવાનું કર્મચારી ની જવાબદારી પુરી થાય છે. વાયર બદલવા માટે, મીટર બદલવા માટે, ટ્રાન્સફોર્મર બદલવા માટે મહત્વનાં કામો કોન્ટ્રાક્ટ પધ્ધતિ હેઠળ હોય ત્યારે કોન્ટ્રાકટર ની મનસુફી મુજબ કામ કરતાં હોય છે. કેશોદ તાલુકાના ભાટ સીમરોલી ગામનાં વાડી વિસ્તારમાં લાઈટ માં ફોલ્ટ સર્જાતાં તા.૮/૭/૨૦૨૦ નાં રોજ ફરિયાદ નંબર ૧૨૯૭૫૦૯૬ થી નોંધાવી હતી ત્યારે હેલ્પર દ્વારા તપાસ કરી ટ્રાન્સફોર્મર માં ક્ષતિ હોવાનું જણાવી જવાબદારી મુક્ત બની ગયેલ છે. કેશોદ તાલુકાના ભાટ સીમરોલી ગામનાં વાડી વિસ્તારમાં આવેલા પશુપાલન સાથે સંકળાયેલા ખેડૂતો દ્વારા તપાસ કરવામાં આવે તો આજકાલ કરીને દિવસો વિતાવવા માં આવે છે આજદીન સુધી નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. કેશોદ જીઈબી નાં પાપે પાંચ પાંચ દિવસ થી વીજપુરવઠો શરૂ કરવામાં આવેલ નથી ત્યારે મુંગા પશુઓને પાણી પીવડાવવા માં ખેડૂતો ને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. રાજ્ય સરકાર દ્વારા પશુપાલન નાં વ્યવસાય ને પ્રોત્સાહન આપવા કરોડો રૂપિયાની યોજનાઓ સાથે સહાય આપવામાં આવે છે ત્યારે સરકારી કચેરીઓ દ્વારા પશુપાલન કરતાં ખેડૂતો સાથે ઓરમાયું વર્તન શા કારણે રાખવામાં આવતું હશે. જીઈબી નાં કોન્ટ્રાક્ટ રાખતાં વ્યક્તિઓની મનમાની નો ભોગ સામાન્ય ખેડુતો અને નિર્દોષ મુંગા પશુઓ બની રહ્યા છે ત્યારે નિર્ભર વિજ તંત્ર જાગૃત બની કેશોદ તાલુકાના ભાટ સીમરોલી ગામનાં વાડી વિસ્તારની ફોલ્ટ ફરીયાદ નંબર ૧૨૯૭૫૦૯૬ તા. ૮/૭/૨૦૨૦ ની ગંભીરતા દાખવી કામગીરી હાથ ધરવામાં આવશે કે એકબીજાને ખો આપી છટકવાનો પ્રયત્ન કરવામાં આવશે.

# સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ જુના ડીસાના પ્રમુખ ગીતેશભાઈ દ્વારા જન્મદિવસની અનોખી ઉજવણી

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત



આજરોજ સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી ગીતેશકુમાર જોષી તેમના જન્મદિવસ ની અનોખી રીતે ઉજવણી કરી. વડીલો ના આશિર્વાદ લઈ જરુરીયાતમંદ લોકો ને સેનેટાઇઝર થી હાથ સાફ કરાવી માસ્ક નું વિતરણ કરવામાં આવ્યું તથા તેમને ભોજન કરાવી આનંદની લાગણી નો અનુભવ કર્યો.તથા ગાયો ને ઘાસચારો આપવા માં આવ્યો.આ કાર્યક્રમ માં સરકારની ગાઈડ લાઈન નું ચુસ્ત પાલન કરવા માં આવ્યું હતું.સંસ્થા ના પ્રમુખ સાથેની વાતચીત માં સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ ગીતેશભાઈએ જણાવ્યું કે આપણે કેક કાપવાની પ્રથા ને માન્યતા આપીયે છીયે તો આપણી સંસ્કૃતિ આપણે કેમ ભુલી શકીયે.આપણા જન્મદિવસ પર કેક કાપવી સ્વજનો જોડે પાર્ટી કરવી એ દરેક માં જો આપણ ને રુચી શોખ હોય તો આપણે એ બધુ જ કરવું જોઈયે પણ તેની સાથે આપણી નૈતિકતા આપણી ફરજ આપણી સંસ્કૃતિ ને પણ યાદ રાખી આપણી ફરજ અદા કરવી જોઈયે. આપણા કારણે કોઈની આંખો ખુશી અને આનંદ થી છલકાય તો આપણો જન્મદિવસ સાર્થક થઈ જાય.જો યુવાધન જન્મદિવસ પર પોતાના માટે પાર્ટી વગેરે નું આયોજન કરે પણ સાથે સાથે જો થોડું સેવાકીય કાર્ય પણ કરે અને તેને ફેશન બનાવી દે તો આપણી સામાન્ય મદદ કોઈ જરૂરીયાતમંદ ને ઘણી મોટી મદદ થઈ જાય..વધુ માં પ્રમુખ શ્રી એ જણાવ્યું કે હું યુવાધન ને એટલો સંદેશ આપવા માગું છું કે નવું જનરેશન જો જન્મદિવસ ની ઉજવણી માં સેવાકીય પ્રવૃત્તિ ને પણ સાથે જોડી દે અને તેને ફેશન બનાવી દે તો ધણા લોકો ને મદદરૂપ બની શકીએ

# દાહોદમાં ત્રણ દિવસમાં કોરોનાના આઠ દર્દીઓને રજા અપાઈ



અભેસિંહ રાવલ દાહોદ

દાહોદ, તા. ૭ : દાહોદ જિલ્લામાં આજે વધુ એક કોરોના સંક્રમિત વ્યક્તિઓ સંપૂર્ણ સાજા થઈ જતા કોવિડ કેર સેન્ટર ખાતેથી રજા આપવામાં આવી છે રવિવારે ઝાયડસ સીવીલ હોસ્પીટલ ખાતેથી ૬ દર્દીઓને રજા આપવામાં આવી હતી. આમ છેલ્લા ત્રણ દિવસમાં આઠ દર્દીઓને રજા આપવામાં આવી છે. દાહોદના ટીવી ન્યૂઝ ચેનલના પત્રકાર શ્રી સાબીર ભાભોર દસ દિવસ પહેલા કોરોનાગ્રસ્ત થયા હતા. તેમને પ્રથમ સીવીલ હોસ્પીટલમાં બાદમાં કોવિડ કેર સેન્ટર ખાતે સઘન સારવાર આપવામાં આવી હતી. બાદ આજ રોજ તેમને હોસ્પીટલ સ્ટાફ દ્વારા શુભેચ્છાઓ સાથે રજા આપવામાં આવી હતી.દાહોદ જિલ્લામાં કોવીડ ૧૯ ના સક્રિય કેસોની સંખ્યા ૭૦ છે.



## શતાયુ ગુજરાતી કટાર લેખક, સમીક્ષક વિવેચક પદ્મશ્રી નગીનદાસ સંઘવીનું સુરત ખાતે અવસાન

**અસ્થમાનાં બહુ તીવ્ર એટેક બાદ તેમના નિવાસસ્થાને અંતિમ શ્વાસ લીધા**

**૧૨.૦૭.૨૦૨૦ (સાંજે ૬ કલાકે)**

## ભગવાન વેદવ્યાસની તસવીરનું પૂજન કર્યુ

# રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ - મોડાસા દ્વારા ગુરુવંદના કાર્યક્રમ યોજાયો

મોટી ઈસરોલ, તા.૧૩

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ - મોડાસા તાલુકો (અરવલ્લી) નો ગુરૂવંદના કાયૅક્રમ ઈજીજી કાર્યાલય મોડાસા ખાતે યોજાયો હતો. કોરોના મહામારીના સમયમાં સોસિયલ ડિસ્ટન્સીગનુ પાલન અને માસ્ક, સેનેટાઈઝરનો ઉપયોગ પણ અચૂક કરવામાં આવ્યો હતો. કોરોના મહામારી અંતર્ગત યોજના મુજબ ખૂબ જ મર્યાદિત સંખ્યામાં શિક્ષક મિત્રો ઉપસ્થિત રહ્યા હતા અને ગુરૂપૂજન કરવામાં આવ્યું. જેમાં મોડાસા તાલુકાની કારોબારી ના સદસ્યો અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.



અરવલ્લી જિલ્લા શૈક્ષિક મહાસંઘના પ્રમુખ મિનેષભાઈ પટેલ , ઉપપ્રમુખ પ્રગ્નેશભાઈ શર્મા , સુનિલભાઈ બારોટ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વક્તા તરીકે

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મોડાસા નગર કાયૅવાહ ડૉ. બ્રિજેશભાઈ ચંદ્રરાવે સંઘ પરિચય અને સામ્રત સમયમાં શિક્ષક ની ભૂમિકા વિષય પર બૌદ્ધિક આપ્યું હતું. કોરોના ની આ મહામારી માં પોતાના કાર્યક્ષેત્રની શાળાના બાળકોના સતત સંપર્કમાં રહી કોરોનાથી બચવા માટે સરકારની અને આરોગ્ય વિભાગની ગાઈડલાઈન દરેક વિદ્યાર્થી સુધી આપવા પ્રયત્નશીલ રહેવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત ઓનલાઈન શિક્ષણ થી વિદ્યાર્થીઓને ભણાવવા ભાર મૂક્યો હતો. જિલ્લા પ્રમુખ મિનેષભાઈ પટેલે સંગઠનના ક્ષેત્રવિસ્તાર પર ભાર મૂકવાની વાત કરી હતી. સૌ શિક્ષક બંધુઓ એ ભગવાન વેદવ્યાસ ની તસવીર નું પૂજન કર્યુ હતુ.સમગ્ર કાર્યક્રમનું સંચાલન મોડાસા તાલુકાના અધ્યક્ષ રિતેશભાઈ પટેલ અને મંત્રી ધર્મેશભાઈ પરમારે કર્યું હતું.

# વામૈયા પ્રાથમિક શાળાના શિક્ષકશ્રીનો એક નવતર પ્રયોગ PISA ઓનલાઈન કસોટી

કોરોનાની મહામારીને કારણે જ્યારે શાળાઓ બંધ છે ત્યારે આવી પરિસ્થિતિમાં સરસ્વતી તાલુકાની વામૈયા પ્રાથમિક શાળાના ઉત્સાહી શિક્ષકશ્રી દિલીપસિંહ ગોહિલ દ્વારા એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે, આ નવતર પ્રયોગ PISA (પ્રોગ્રામ ફોર ઈન્ટરનેશનલ સ્ટૂડન્ટ્સ એસેસમેન્ટ) ઓનલાઈન કસોટી છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ આ પરિક્ષણનું આયોજન થતું હોવાથી તેમાં તમામ દેશો ભાગ લે છે. આ કસોટીનો મુખ્ય ઉદ્દેશ પ્રાથમિક શાળાના ૧૫ વર્ષના વિદ્યાર્થીઓ કે જેઓ ફરજિયાત શિક્ષણ પૂર્ણ કરવાના આરે છે, તેમના જ્ઞાન અને કુશળતાનું પરીક્ષણ કરવાનો તથા ૧૧ થી ૧૫ વર્ષના બાળકોને PISA થી પરિચિત કરાવવાનો છે. આ ઓનલાઈન કસોટી આપનાર વિદ્યાર્થીઓને ઈ સર્ટિફિકેટ દ્વારા પ્રોત્સાહિત પણ કરવામાં આવે છે. આ નવતર પ્રયોગની પ્રશંસા પાટણ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી બી.એ.ચૌધરી, સરસ્વતી બી.આર.સી.કૉ. દિલીપભાઈ નાયી, પાટણ સ્કૂલ ઈન્સ્પેકટર મહેશભાઈ પ્રજાપતિ, અઘાર સી.આર.સી.કૉ. નિલેશભાઈ શ્રીમાળી અને વામૈયા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી દિલીપભાઈ પ્રજાપતિ દ્વારા કરવામાં આવી હતી. તેઓનું માનવું છે કે, PISA ઓનલાઈન કસોટી એ બાળકોના પ્રાથમિક શૈક્ષણિક ઘડતર માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે અને બાળકોના જ્ઞાન અને કૌશલ્યમાં અભિવૃદ્ધિ કરશે.

# માણાવદર તાલુકામાં મચ્છરજન્ય રોગો અટકાવવા માટે બ્લોક હેલ્થ દ્વારા સધન કામગીરી કરાઈ



હાલ ચોમાસાની ઋતુના કારણે મચ્છર જન્ય રોગો ન ફેલાય તે માટે માણાવદર બ્લોક હેલ્થ ઓફિસર શિલ્પાબેન જાવિયા ની સુચનાથી માણાવદર ના વિવિધ વિસ્તારમાં આરોગ્ય વિભાગ દ્વારા જરૂરી કામગીરી કરવામાં આવી રહી છે આ અંતગર્ત મચ્છરો દ્વારા ફેલાતા ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુનીયા જેવા રોગો ન ફેલાય તે માટે આરોગ્ય વિભાગ ની ટીમ દ્વારા ડોર ટુ ડોર જઈને ધરવપરાશ માટે જે પાણી નો સંગ્રહ કરવામાં આવ્યો હોય તે ટાંકા ની અંદર મચ્છર પેદા ન થાય તે માટે પાણીની અંદર દવા નાખવામાં આવી હતી અને ચીકનગુનિયા મેલેરિયા ડેન્ગ્યુ હાથી પગા જેવા રોગથી બચવા માટે માણાવદર બ્લોક હેલ્થ વિભાગ ની ટીમ દ્વારા યોગ્ય માર્ગદર્શન દેવામાં આવ્યું હતું

તસવીર-જયદીપ બરવાડીયા ,અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર

# અરવલ્લીની ૩૪ બેંક સખીને વિનામૂલ્યે ફિંગર પ્રિન્ટ ડિવાઈસનું વિતરણ કરાયું



અરવલ્લી બ્યુરો મોડાસા

ડિઝીટલ ઈન્ડીયા અંતર્ગત સખી મંડળની બહેનોને ડિજિટલ પ્લેટફોર્મ જેવા કે કોમન સર્વિસ સેન્ટર ડિઝીપે દ્વારા બેંક લેવડદેવડ ટેલિમેડિસિન, કેસીસી કાર્ડ,પેન્શનરોને લાઈફ સર્ટિફિકેટતથા અન્ય તમામ કામગીરી ગ્રામ્ય સ્થળે બહેનો સેવા પૂરી પાડી શકે તે હેતુથી અરવલ્લી જિલ્લાની ૩૪ બેંક સખીને જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ. અનિલ ધામેલીયાના હસ્તે વિનામૂલ્યે ફિંગર પ્રિન્ટ ડિવાઈસનું વિતરણ કરવામાં આવ્યું હતું

અરવલ્લી જિલ્લાની ગ્રામ્યવિસ્તારની બહેનોને ડીજીટલક્ષેત્રે સાંકળવાના અભિનવ પ્રયાસ અન્વયેનું એક મહત્વપૂર્ણ કદમ બિઝનેસ કોરોસપોન્ડેટ(બી.સી) સખી છે. જે હવે અરવલ્લી જિલ્લાના ગ્રામ્યકક્ષાએ ચાલતા સખીમંડળની બહેનો દ્વારા ચલાવશે. બેક સખી દ્વારા ડિજીટલ ટ્રાન્ઝેક્શન કરવામાં આવશે જેનાથી કમિશનરૂપે નિયત રકમ મળશે અને બહેનોની આજીવિકામાં વધારો થશે.

બી.સી.સખી થકી હવે ગ્રામ્ય વિસ્તારમાં અધારકાર્ડથી લિંકેજ બેકીગ સેવાઓ જેમકે, પૈસાની લેવડ દેવડ, વીમા પ્રિમિયમ, યુટીલીટી બિલ પેમેન્ટ, મોબાઈલ રીચાર્જ, પાનકાર્ડ,પાસપોર્ટ માટેની એપ્લીકેશન, ટેલિમેડિસિન, કેસીસી કાર્ડ,પેન્સનરોને લાઈફ સર્ટિફિકેટતથા સી.એસ.સીની અન્ય તમામ કામગીરી સેવાઓ ફિંગર પ્રિન્ટડિઝીટલ ડિવાઈસથી ઉપલબ્ધ થશે.

## ભિલોડા હાથમતી નદીના કિનારે

# ડમ્પર ચાલકે અચાનક બ્રેક મારતા બાઈક ચાલક ડમ્પર પાછળ ભટકાતા બાઈક ચાલકનું ઘટનાસ્થળે મોત

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં ખાણખનીજ વિભાગ અને આરટીઓ તંત્રની મીલીભગત થી બેફામ રીતે ખનીજ ચોરી કરી જીલ્લાના મુખ્ય અને અંતરિયાળ માર્ગો પર બેફામ ગતિએ પસાર થતા આઈવા ડમ્પર અને ટ્રક-ટ્રેક્ટરની અડફેટે અનેક નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓનો ભોગ લેવાયો છે ભિલોડા હાથમતી નદી નજીક રોડ પર પુરપાટ ઝડપે પસાર થઈ રહેલા ડમ્પરના ચાલકે અચાનક બ્રેક મારતા પાછળ આવી રહેલી બાઈક ડમ્પર સાથે ધડાકાભેર અથડાતા બાઈક ચાલક રોડ પર



પટકાતાં બાઈક ચાલકનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું અકસ્માત ના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અકસ્માતના પગલે ભિલોડા પીએસઆઈ રાજપૂત ઘટનાસ્થળે દોડી આવી મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી અકસ્માત સર્જી ફરાર ડમ્પર ચાલકને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા અકસ્માતની જાણ યુવકના પરિવારજનો ને થતા અકસ્માત સ્થળે પહોંચી આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી . ભિલોડા તાલુકાના ડોડીસરા ગામનો વિજય કુમાર કાનજીભાઈ મોડીયા(ઉ.વર્ષ-૨૫) નામનો યુવક બાઈક લઈ કામકાજ અર્થે નીકળ્યો હતો ભિલોડા હાથમતી નદી નજીક આવેલા પેટ્રોલપંપ પાસે રોડ પર થી પસાર થતાં આગળ જઈ રહેલા ડમ્પર (ગાડી.નં-GJ-08-Z-2298) ના ચાલકે બેફામ ગતિએ ડમ્પર હંકારી રોડ પર ઓચિંતી બ્રેક મારતા બાઈક ડમ્પર પાછળ જોરથી ભટકાતા બાઈક ચાલક યુવક રોડ પર પટકાતાં વિજયભાઈ ના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું અકસ્માતની ઘટનાના પગલે યુવકના પરિવારજનો અને સગા-સંબંધી મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અકસ્માતની ઘટનામાં યુવકનું મોત નિપજતા ભિલોડા પંથકમાં ભારે શોકની લાગણી છવાઈ હતી . ભિલોડા પોલીસને અકસ્માતની ઘટનાની જાણ થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવકના મૃતદેહને પીએમ માટે ખસેડી નગીનભાઈ ફતાજી મોડિયાની ફરિયાદના આધારે ડમ્પર ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી અકસ્માત સર્જી ફરાર ડમ્પર ચાલકને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.